# બનાસકાંઠા જિલ્લામાં P.M.KUSUM(કોમ્પોનન્ટ-B) યોજના

**(૧) પ્રધાનમંત્રી કિસાન ઊર્જાસુરક્ષા એવમ ઉત્થાન (PM–KUSUM) (કોમ્પોનન્ટ-B) યોજના શું છે ?**
**આ યોજના હેઠળ ખેડૂતને કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર દ્વારા કેટલી સબસીડી આપવામાં આવે છે?**

મા.ધારાસભ્ય શ્રી અનિકેતભાઈ ઠાકર

જવાબ

**પ્રધાનમંત્રી કિસાન ઊર્જાસુરક્ષા એવમ ઉત્થાન (PM–KUSUM)(કોમ્પોનન્ટ-B) યોજના**

- સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત એવી સૌર ઊર્જાના મહત્તમ ઉપયોગ થકી પર્યાવરણની સુરક્ષા થાય તેમજ ખેડૂત સૌર ઊર્જાનો તેના ખેતીવાડી વીજ જોડાણ માટે ઉપયોગ કરી બિન-પરંપરાગત ઊર્જાના ઉત્પાદનમાં સહભાગી બને તે હેતુથી ખેડૂતોને કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન PM–KUSUM યોજના હેઠળ સૌર ઊર્જા સંચાલિત પમ્પ સેટ આપવામાં આવે છે.

- આ યોજનામાં હયાત ગ્રીડથી બહુ જ દૂર હોય તેવા દુર-સુદુરના દુર્ગમ વિસ્તાર તેમજ જંગલ વિસ્તારમાં પિયત સુવિધા ધરાવતા ખેડૂતો અને ખેત તલાવડી તથા સરફેસ વોટરથી પિયત સુવિધા ધરાવતા ખેડૂતોને સ્ટેન્ડ એલોન સોલાર એગ્રીકલ્ચર પંપ માટે સહાય કરવામાં આવે છે. આ યોજનામાં ખેડૂતને ૭.૫ હો.પા. સુધીની ક્ષમતાના સૌર ઊર્જા સંચાલિત પમ્પ સેટમાં સબસીડી આપવામાં આવે છે.

## કેન્દ્ર અને રાજ્ય સરકારની સબસીડી

- આ યોજનાહેઠળ ખેડૂતને કુલ સીસ્ટમ (બેન્ચમાર્ક કોસ્ટ અથવા ટેન્ડર કોસ્ટમાં ઓછુ હોય તે) ખર્ચના ૩૦% રકમ કેન્દ્ર સરકાર તરફથી સબસીડી આપવામાં આવે છે ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પણ ૩૦ % રકમની સબસીડી આપવામાં આવે છે અને બાકીની ૪૦% રકમ ખેડૂતે ભરવાની રહે છે.
- ઉપરોક્ત સબસીડી ૭.૫ હો.પા.ની ક્ષમતા સુધીના પંપસેટ માટે મર્યાદિત છે.

## સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિઅપનાવનાર તેમજ નાના અને સીમાંત ખેડૂતોને પ્રાધાન્ય

- આ યોજનામાં નાના અને સીમાંત ખેડુતોને તેમજ સિંચાઇના હેતુ માટે પાણીનો ઉપયોગ ઓછો થાયતે માટે સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવનાર ખેડૂતને પ્રાધાન્ય આપવામાં આવે છે.
- આ યોજના હેઠળ પિયત સહકારી મંડળી અને ક્લસ્ટર આધારિત સિંચાઈ સિસ્ટમ પણ આવરી લેવામાં આવેલ છે.

**(૨) રાજ્યનાજંગલ વિસ્તારના ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે PM-KUSUM (Component–B) યોજના હેઠળ સૌર ઊર્જા સંચાલિત પમ્પ સેટ આપવા માટે કોઈ ખાસ જોગવાઈ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે કે કેમ? તથા**

**- આવા જંગલ વિસ્તારજો આદિજાતિ વિસ્તારમાં હોય તો આ આદિજાતિ વિસ્તારના ખેડૂતોનેસૌર ઊર્જા સંચાલિત પમ્પ સેટ માટે શું નાણાં ભરપાઈ કરવાના થાય છે ?**

મા.ધારાસભ્ય શ્રી માવજીભાઈ દેસાઈ

જવાબ

- રાજ્યના જંગલ વિસ્તારના ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે PM-KUSUM (Component–B) યોજના હેઠળ સૌર ઊર્જા સંચાલિત પમ્પ સેટ આપવા માટે સબસીડીની ખાસ જોગવાઈ કરતો ઠરાવ નવેમ્બર – ૨૦૨૧ રાજ્ય સરકારના ઊર્જા વિભાગ કરવામાં આવેલ છે.

✓ જે મુજબ સૌર ઊર્જા સંચાલિત પંપ-સેટ માટે લાભાર્થીને ખરેખર ભરવાપાત્ર ૪૦ ટકા રકમની જગ્યાએ ફિક્સ ચાર્જ એટલે કે માત્ર રૂપિયા ૬૫૦૦/- થી ૧૨૦૦૦/- હોર્સ પાવર પ્રમાણે ભરવાની થાય છે. બાકીનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા વધારાની સબસીડી રૂપે ખેડૂતને રાહત તરીકે આપવામાં આવે છે .

✓ આદિજાતિ વિસ્તારના ખેડૂતોને ફિક્સ ચાર્જ ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. એટલે કે આ યોજના હેઠળ આદિજાતિ વિસ્તારના ખેડૂતોએ કોઈ જ રકમ ભરવાની રહેતી નથી.

**(3) PM-KUSUM Component–B યોજના હેઠળ જે ૬૪ વીજ જોડાણ બનાસકાંઠા જિલ્લામાં આપવામાં આવ્યા છે તે વીજ જોડાણો માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા કેટલી રાહત આપવામાં આવી છે તથા અરજદાર દ્વારા કેટલી રકમ ભરપાઈ કરવાની થાય છે ?**

મા.ધારાસભ્ય શ્રી કેશાજી ચૌહાણ

જવાબ

આ યોજના મુજબ લાભાર્થીને કુલ સીસ્ટમ (બેન્ચમાર્ક કોસ્ટ અથવા ટેન્ડર કોસ્ટમાં ઓછુ હોય તે) ખર્ચના 30% રકમ કેન્દ્ર સરકારની સહાય (CFA) તરીકે, 30% રકમ રાજ્ય સરકારની સહાય (સબસીડી) તરીકે અને બાકીની ૪૦% અને ન મળવાપાત્ર થતી સબસીડીની રકમ લાભાર્થી એટલે કે ખેડુતે ભોગવવાની રહે છે.

પરંતુ રાજ્ય સરકારની યોજના પ્રમાણે જો અરજદારના વીજ જોડાણ માટે વીજ લાઈન વનવિસ્તારમાંથી પસાર કરવાની થાય તેવા કિસ્સામાં અરજદાર દ્વારા યોજના હેઠળ ભરપાઈ કરવાના ૪૦% ફાળાના બદલે માત્ર ફીક્સ્ડ કોસ્ટ જે (નવીન વીજ જોડાણ લેવા માટે ભરપાઈ કરવાનો થાય તે)નો ફાળો ભરપાઈ કરવાનો રહે છે અને બાકીનો ફાળો પણ રાજ્ય સરકાર દ્વારા સબસીડી પેટે આપવામાં આવે છે. વધુમાં આદિજાતિ વિસ્તારના લાભાર્થીનો ફીક્સ્ડ ચાર્જનો ફાળો પણ સરકાર દ્વારા સબસીડી તરીકે રાહત આપવામાં આવે છે.

ઉપરોક્ત અન્વયે બનાસકાંઠા જિલ્લામાં આપવામાં આવેલ ૬૪ વીજજોડાણ માંથી ૬૦ વીજ જોડાણ આદિજાતિ વિસ્તારમાં આવેલ હોઇ તેઓ એ કોઈ પણ રકમ ભરપાઇ કરેલ નથી. ૪૦%ની ફાળાની રકમ પણ રાજ્ય સરકાર દ્વારા સબસીડી તરીકે આપેલ છે એટલે કે આ ૬૦ અરજદારોને PM KUSUM B

યોજના હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકારની સબસીડી રૂ. ૧૨૬.૫૨ લાખ ઉપરાંત વધારાની રૂ.૮૪.૩ લાખની રાહત રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ છે. બાકીના ૪ અરજદરોને ૪૦% ફાળા સામે દરેક અરજદારને માત્ર રૂ. ૬૫૦૦/- ભરપાઈ કરેલ છે એટલે કે કેન્દ્ર અને રાજ્ય સરકારની સબસીડી રૂ. ૮.૪૦ લાખ ઉપરાંત રૂ.૫.૩૫ લાખની વધારાની રાહત આપવામાં આવેલ છે.

## (૪) પી.એમ.કુસુમ (કોમ્પોનન્ટ-B) યોજના હેઠળ ઓફ ગ્રીડ સોલાર વોટરપંપ માટે મળવાપાત્ર સબસીડી અને અરજદારે ભરવાની થતી રકમની માહિતી?

જવાબ

- **યોજના હેઠળ ઓફ ગ્રીડ સોલાર વોટરપંપ મેળવવા માટેની માહિતી:-**

| પંપ કેપેસીટી | સોલાર વોટર પંપનો ભાવ (રૂ.) | કેન્દ્ર સરકાર Central Financial Assistance (CFA) (રૂ.) | રાજ્ય સરકારની સબસીડી (રૂ.) | ખેડૂત દ્વારા ભરવાપાત્ર રકમ (રૂ.) |
|---|---|---|---|---|
| ૫ હો.પા. | ૨,૯૯,૬૯૨.30 | ૮૮,૦૫૦.૧૩ | ૮૮,૦૫૦.૧૩ | ૧,૨૩,૫૯૨.03 |
| ૭.૫ હો.પા. | ૪,૨૩,૨૬૨.૩૭ | ૧,૧૯,૩૪૧.૮૩ | ૧,૧૯,૩૪૧.૮૩ | ૧,૮૪,૫૭૮.૭૧ |
| ૧૦ હો.પા. | ૫,30,૪૧૬.૧૧ | ૧,૧૯,૩૪૧.૮૩ | ૧,૧૯,૩૪૧.૮૩ | ૨,૯૧,૭૩૨.૪૫ |

- **જંગલ વિસ્તારમાંથી લાઈન પસાર થતી હોઈ તેવા કિસ્સામાટે ઓફ ગ્રીડ સોલાર વોટરપંપ મેળવવાની માહિતી:-**

<u>આદિજાતિ વિસ્તાર માટે</u>:-

| પંપ કેપેસીટી | સોલાર વોટર પંપનો ભાવ (રૂ.) | કેન્દ્ર સરકાર Central Financial Assistance (CFA)(રૂ.) | રાજ્ય સરકારની સબસીડી (રૂ.) | રાજ્ય સરકારની વધારાની સબસીડી (રૂ.) | ખેડૂત દ્વારા ભરવાપાત્ર રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|
| ૫ હો.પા. | ૨૯૯૬૯૨.30 | ૮૮૦૫૦.૧૩ | ૮૮૦૫૦.૧૩ | ૧૨૩૫૯૨.03 | 0.00 |
| ૭.૫ હો.પા. | ૪૨૩૨૬૨.૩૭ | ૧૧૯૩૪૧.૮૩ | ૧૧૯૩૪૧.૮૩ | ૧૮૪૫૭૮.૭૧ | 0.00 |
| ૧૦ હો.પા. | ૫૩૦૪૧૬.૧૧ | ૧૧૯૩૪૧.૮૩ | ૧૧૯૩૪૧.૮૩ | ૨૯૧૭૩૨.૪૫ | 0.00 |

<u>આદિજાતિ સિવાયના વિસ્તાર માટે</u>:-

| પંપ કેપેસીટી | સોલાર વોટર પંપનો ભાવ (રૂ.) | કેન્દ્ર સરકાર Central Financial Assistance (CFA)(રૂ.) | રાજ્ય સરકારની સબસીડી (રૂ.) | રાજ્ય સરકારની વધારાની સબસીડી (રૂ.) | ખેડૂત દ્વારા ભરવાપાત્ર રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|
| ૫ હો.પા. | ૨૯૯૬૯૨.3 | ૮૮૦૫૦.૧૩ | ૮૮૦૫૦.૧૩ | ૧૧૭૦૯૨.03 | ૬૫00.00 |
| ૭.૫ હો.પા. | ૪૨૩૨૬૨.૩૭ | ૧૧૯૩૪૧.૮૩ | ૧૧૯૩૪૧.૮૩ | ૧૭૮૦૭૮.૭૧ | ૬૫00.00 |
| ૧૦ હો.પા. | ૫૩૦૪૧૬.૧૧ | ૧૧૯૩૪૧.૮૩ | ૧૧૯૩૪૧.૮૩ | ૨૭૯૭૩૨.૪૫ | ૧૨000.00 |

# માહિતી

## PM- KUSUM (Component–B) યોજના શું છે ?

- **PM - KUSUM (Component–B) યોજના કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને** સૌર ઊર્જા સંચાલિત **ઓફ-ગ્રીડ** પમ્પ સેટ **આપવા માટેની છે .**

- **આ યોજના અંતર્ગત સરકાર દ્વારા ૭.૫ HP સુધીના** સૌર ઊર્જા સંચાલિત પમ્પ સેટ માટે સબસીડી આપવામાં આવે છે.

- આ યોજના **અંતર્ગત** લાભાર્થીને કુલ સૌર ઊર્જા સંચાલિત સીસ્ટમ ખર્ચના 30% રકમ કેન્દ્ર સરકારની સહાય તરીકે, 30% રકમ રાજ્ય સરકારની સહાય (સબસીડી) તરીકે અને બાકીની ૪૦% થતી રકમ લાભાર્થી એટલે કે ખેડુતે ભોગવવાની રહે છે.

- પરંતુ જો અરજદારના વીજ જોડાણ માટેની વીજ લાઈન વન-વિસ્તારમાંથી પસાર કરવાની થતી હોય તથા વીજ જોડાણ આદિજાતિ વિસ્તારમાં હોય તેવા કિસ્સામાં અરજદાર દ્વારા યોજના હેઠળ ભરપાઈ કરવાના ૪૦% ફાળાની રકમ પણ રાજ્ય સરકાર દ્વારા સબસીડી પેટે આપવામાં આવે છે. એટ્લે કે અરજદાર કોઈ પણ રૂપિયા
ભરવાપાત્ર થતાં નથી.

- વધુમાં,જો અરજદારના વીજ જોડાણ માટે વીજ લાઈન વન-વિસ્તાર તથા નોન- ટ્રાઈબલ વિસ્તારમાંથી પસાર કરવાની થાય તેવા કિસ્સામાં અરજદાર દ્વારા યોજના હેઠળ ભરપાઈ કરવાના ૪૦% ફાળાના બદલે માત્ર ફીક્સ્ડ કોસ્ટ જે (નવીન વીજ જોડાણ લેવા માટે ભરપાઈ કરવાનો થાય તે)નો ફાળો ભરપાઈ કરવાનો રહે છે અને બાકીનો ફાળો રાજ્ય સરકાર દ્વારા સબસીડી પેટે આપવામાં આવે છે.